# આદિજાતિ વિકાસ

માનનીય અધ્યક્ષશ્રી આદીવાસીઓ ને પ્રકૃતિ પુજક સમાજ ગણવામાં આવે છે અંબાજી થી ઉમરગામ અને છેવાડા ના ડાંગ સુધી આદીવાસીઓ ની વસ્તી છે. દરેક આદિવાસીસમાજની બોલી રહેણી કરણી, પરમપરા, રહેઠાણ ,પહેરવેસ, જુદા જુદા જોવા મળે છે.

માનનીય અધ્યક્ષશ્રી આદિવાસી જેઓ અર્થ આદી એટલે મુળ અને વાસી એટલે રહેવાસી માટે આદીવાસી આ ધરતી પર આદીકાળ થી રહેતો આવે છે જેનો ઉલ્લેખ જુના પુરાણો માં પણ જોવા મળતો હોય છે.આદિવાસી સમાજ માંથી આવનાર માતા શબરી થી આપણે સૌ વાકેફ છે.

આદીજાતી એટલે પ્રાચીન સમય થી રહેતો આવેલો અને હાલ માનવ સંસ્કુતિ ના પ્રાથમિક સ્થરે જીવન જીવતો જન સમુહ છે.

માનનીય અધ્યક્ષશ્રી અર્થ વેદના ૠષિએ પૃથ્વી સુકત માં લખ્યુ છે

યસ્માત નુત્ય ગીત

ગાયન્તિ ચૈતવા

જેનો અર્થ એલ ના વંસજ (એટલે હાલ ના આદવાસી) પોતાની જ માતૃભુમી માં નુત્ય અને ગીત ધ્વારા પોતાનુ મનોરજન કરે છે. આ વિધાન ગુજરાતમાં વસ્તા આદિવાસી માટે સાચુ નિવડે છે. કઠોર અને વિષમ આર્થીક પરીસ્થિતી માં પણ નુત્ય અને ગીત ઉલ્લાસ સાથે ગાવવુ એ અહીની લોક સંસ્કૃતિ નુ આગવુ લક્ષણ છે. જાણે આ ધરતી નુ રધ્ય જ સંગીતમય છે.

માનનીય અધ્યક્ષશ્રી દેશ ના આઝાદી માં આદિવાસી સમાજનુ બલીદાન પણ નોધ પાત્ર ભાગ ભજવ્યો હતો.

આદિવાસી ઓ ના ભગવાન એવા બીરસા મુંડા એ આપેલા યોગદાન ના કારણે જ તેમની તસ્વીર ભારતીય સંસદના સંગ્રાહલય માં સ્થાન આપવામાં આવ્યુ છે.

4

માનનીય અધ્યક્ષશ્રી વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત વિવિધ ક્ષેત્રોમાં યોજનાઓ હાથ ધરી વનબંધુઓના સામાજિક અને આર્થિક વિકાસ માટે સરકાર કાર્યરત છે વ્યક્તિલક્ષી યોજનાઓ સાથે આદિજાતે વિસ્તારમાં આંતરમાળખાકીય સગવડો ઊભી થાય તે માટે સરકારે પ્રયત્નો કર્યા છે શૈક્ષણિક અને આર્થિક વિકાસની વિવિધ યોજનાઓ થકી આદિજાતિ પરિવારોને આરોગ્ય શિક્ષણ અને આજીવિકાના ક્ષેત્રે લાભ આપવામાં આવી રહેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી આદિજાતી વિકાસ વિભાગ દ્વારા વર્ષ **2023-24** માં **3410** કરોડ જેટલી રકમની જોગવાઈ કરવામાં આવી હતી અને **964** કરોડ નો વધારો કરી વર્ષ **2024-25**માં આદિજાતિ વિકાસ વિભાગ માટે **4,374** કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી આદિજાતિ વિસ્તારમાં શિક્ષણ એક મહત્વનો મુદ્દો છે. આદિજાતિ વિસ્તાર ના વિદ્યાર્થીઓ પણ આજના વિકસિત ગુજરાત ની હરોળમાં પોતાનું સ્થાન મેળવે તે હેતુ થી આદર્શ નિવાસી શાળાઓ, આશ્રમશાળાઓ અને ઈ.એમ.આર.એસ. મળીને કુલ ૮૩૭ જેટલી શાળાઓના અંદાજિત ૧ લાખ ૫૨ હજાર વિદ્યાર્થીઓને સહાય માટે ₹૭૩૫ કરોડની જોગવાઈ કરવા માં આવી છે

માનનીય અધ્યક્ષશ્રી સમરસ છાત્રાલયો ની યોજના અંતર્ગત અનુસુચિત જનજાતિના વિદ્યાથીઓ ને નિવાસી સુવિધા ઉપલબ્ધ કરવા માટે ૨૩ કરોડ ની જોગવાય કરવા માં આવી છે. મારા વિસ્તાર માં ગામડા માંથી બાળકો અભિયાશ મેળવવા દાહોદ સહેર માં આવતા હોય છે વાલીયો એટલા સક્સમ નથી જે વાહન વહેવાર નો ખર્ચ ઉઠાવી સકે તેમ નથી માટે માનનીય અધ્યક્ષશ્રી આપના માધ્યમ થી મંત્રીશ્રી ને દાહોદ તાલુકા માં એક સમરસ હોસ્ટેલ ફાળવવા સુચન છે.

માનનીય અધ્યક્ષશ્રી અંદાજે ૨ લાખ વિદ્યાર્થીઓને પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ આપવા ₹૫૮૪ કરોડની જોગવાઈ કરવા માં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી આદિજાતિ વિસ્તાર માં કુપોષણ નાબુદ કરવા આગંણવાડી ના બાળકો ને પોષ્ટિક આહાર ની સાથે સાથે પોષ્ટિક દૂધ મળી રહે તે માટે દૂધ સંજીવની યોજના અંતર્ગત ₹૧૫૦ કરોડની જોગવાઈ.

આદિજાતિ વિસ્તાર ના લોકો ને ગૌરવ અપાવે એવું રાજપીપળા મુકામે બિરસા મુંડા આદિજાતિ યુનિવર્સિટી માટે ₹૬ કરોડની જોગવાઈ કરવા માં આવી છે. બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી, રાજપીપલા , જિ.નર્મદા મુકામે કાર્યરત છે. જેના સંચાલન, શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને સંશોધન કાર્યો માટે રૂ.૬.૫૮ કરોડની જોગવાઈ કરવા માં આવી.

૪ માનનીય અધ્યક્ષશ્રી આદિજાતિ ખેડૂતો માટે કૃષિ (2)
વૈવિધ્યકરણ યોજના હેઠળ ખેડૂતોને સુધારેલ બિયારણ અને ખાતર સહાય માટે ₹૩૫ કરોડની જોગવાઈ કરવા માં આવી છે આ યોજના થકી જ ખેડૂતો ને યોગ્ય સમયે ઉચ ગુણવતાવાળું બિયારણ મળી રહે છે.~~ક્યાંક કોઈ કિસ્સામાં ખાતર ની અછત સર્જાય છે માનનીય અધ્યક્ષશ્રી આ યોજના થકી પૂરતા પ્રમાણ માં ખાતર મળી રહેશે.~~

માનવ ગરિમા યોજના હેઠળ સ્વરોજગારી માટે કિટ આપવા ₹૧૭ કરોડની જોગવાઈ કરવા માં આવી છે.

સંકલિત ડેરી વિકાસ યોજના **(IDDP)** હેઠળ દૂધાળા પશુઓની યુનિટ કોસ્ટ અને સહાયની મર્યાદામાં વધારો કરવામાં આવશે. આ યોજના માટે ₹૧૩ કરોડની જોગવાઈ કરવા માં આવી છે.

આદિજાતિ પૈકી આદિમજૂથના ધો. ૯ થી ૧૦ના તમામ વિદ્યાર્થીઓને રૂ.૫૦૦નો વધારો કરીને રૂ.૧૫૦૦ શિષ્યવૃત્તિ કરવામાં આવેલ છે

માનનીય અધ્યક્ષશ્રી મારા વિસ્તાર ના લોકો ધંધા રોજગાર માટે બહારગામ જતા હોય છે તેમના બાળકો શિક્ષણ મેળવવા માટે આશ્રમ શાળાઓ માં રહી ને પોતાની કારકિર્દી બનાવે છે બાળકો ને રહેવા માં અને અભ્યાસમાં તકલીફ ના પડે માટે સરકારશ્રી દ્વારા ગ્રાન્ટ-ઈન-એઈડ ધોરણે સંચાલિત ૬૬૧ આશ્રમશાળાઓ પૈકી જર્જરીત આશ્રમશાળાઓના મકાન અને અન્ય સુવિધાના બાંધકામ માટે રૂ.૨૦૦ કરોડનુ આયોજન. જેમાં અભ્યાસ કરતા આદિજાતિ વિધાર્થીઓને લાભ થશે. આદિજાતિ વિસ્તારોમાં ૭૫ આદર્શ નિવાસી શાળાઓના અંદાજે ૧૧૮૦૦ જેટલાં વિદ્યાર્થીઓ/ વિદ્યાર્થીનીઓ શૈક્ષણિક, રહેવા-જમવાની સુવિધા માટે રૂ.૧૧૨ કરોડની જોગવાઇ.

માનનીય અધ્યક્ષશ્રી આદિજાતિના ઉચ્ચ અભ્યાસ કરતા ૩ લાખ જેટલાં વિદ્યાર્થીઓને પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના હેઠળ શિષ્યવૃત્તિનો લાભ આપવા માટે રૂ.૫૨૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી (જી.એસ.ટી.ઈ.એસ.), સંચાલીત ૧૦૧ શાળાઓના ૩૪,૫૪૩ જેટલા આદિજાતિના વિદ્યાર્થીઓ અભ્યાસ માટે રૂ.૫૯.૦૦ કરોડની જોગવાઈ.

માનનીય અધ્યક્ષશ્રી આદિજાતિ વિસ્તારમાં ટી.બી., કેન્સર, રકતપિત્ત અને સીકલસેલ એનીમીયા જેવા રોગો માટે મફત તબીબી સહાય યોજના હેઠળ રૂ. ૧૦.૬૭ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી રાજ્યના સરહદી ગામોના લોકોને પાયાની સુવિધા પુરી પાડી સર્વાંગી વિકાસ માટે રૂ.૧૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. બોર્ડર વિલેજ યોજના હેઠળ સરહદી ગામોના આદિજાતિ પરીવારોને આવાસની સુવિધા પર આયોજનમાં વિશેષ ભાર મુકી વર્ષ ૨૦૨૩-૨૪માં ૨૩૧૦ આવાસોને મંજુરી આપવામાં આવી છે.તેમાં પણ મારા માટે ગર્વ કરવા ની વાત એ છે કે ૩૦૦ આવાસો મારા મત વિસ્તાર માં મંજુર કરવા માં આવિયા છે.જેથી બોર્ડર વિલેજ ના ગામોને ખુબ મોટા પ્રમાણ માં લાભ થશે.

માનવ ગરિમા યોજના હેઠળ ૨૭ પ્રકારના સ્વરોજગાર માટે સ્વરોજગારીની કીટ આપવા રૂ.૧૫ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી બોર્ડર વિલેજ યોજના હેઠળ સરહદી ગામોના આદિજાતિ પરીવારોને રોજગારી માટે દુધાળા પશુ આપવા પર પર આયોજનમાં વિશેષ ભાર મુકી વર્ષ ૨૦૨૩-૨૪માં ૩૩૦૯ દુધાળા પશુની સહાય મંજુર કરવામાં આવી.